www.kamalamgujarat.com

Sunday
06.12.2020
✳Volume :5 ✳ Issue No. 112
Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# વડોદરા જિલ્લાને પીવાના પાણીના રૂ. ૪૧૭ કરોડ અને પ્રવાસનના રૂ.૪૬ કરોડના વિકાસ કામોની ડભોઈ ખાતેથી ભેટ ધરતા મુખ્યમંત્રીશ્રી

## ઊર્જા ક્ષેત્રની જેમ ગુજરાત પાણીના ક્ષેત્રમાં વોટર સરપ્લસ સ્ટેટ બન્યું છે –મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી



### વર્ષ ૨૦૨૧ના અંત સુધીમાં ગુજરાતના તમામ ઘરોમાં સો ટકા નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પૂરૂ પાડવામાં આવશે

કમલમ દૈનિક,

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, ઊર્જા ક્ષેત્રની જેમ ગુજરાત પાણીના ક્ષેત્રમાં વોટર સરપ્લસ સ્ટેટ બન્યું છે. તેમણે કહ્યું કે, ગુજરાતમાં એક સમયે કૂલ બજેટનું કદ માત્ર આઠ હજાર કરોડનું હતું, તેની સામે હાલમાં માત્ર પીવાના શુદ્ધ પાણીના આયોજન માટે રૂ.૧૪ હજાર કરોડનું બજેટ છે. આ બાબત દર્શાવે છે કે, રાજય સરકાર ગુજરાતમાંથી પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવવા માટે કટિબદ્ધ છે. પાણી એ વિકાસની પ્રાથમિક શરત છે, તેમ તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નલ સે જલના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાતે પહેલ કરી છે. આ માટે વર્ષ-૨૦૨૧ના અંત સુધીમાં ગુજરાતના તમામ ઘરોમાં સો ટકા નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પૂરૂ પાડવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ પ્રાચીન સમયના દર્ભાવતી પ્રદેશ એવા ડભોઈ ખાતેથી વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકા ઉપરાંત પાદરા, કરજણ અને શિનોરને પીવાના પાણીના રૂ.૪૧૭.૩૯ કરોડના વિકાસ કામોની ભેટ ધરી છે. સાથે, તેમણે કરનાળીના પ્રસિદ્ધ શ્રી કુબેર ભંડારીમાં યાત્રાળુઓની સુવિધા માટે રૂ.૪૬ કરોડના પ્રવાસન કામોનો પ્રારંભ કરાવ્યો છે. તેમણે રૂ.૭૧.૮૬ કરોડના ખર્ચથી નિર્મિત ડભોઈ જૂથ પાણી પુરવઠા યોજના ભાગ-૨નું લોકાર્પણ કર્યું હતું. આ યોજના દ્વારા ડભોઈ તાલુકાના ૭૪ ગામો અને ૧૪ નર્મદા વસાહતોની ૮૯ હજાર ઉપરાંત વસ્તીને પીવાનું શુદ્ધ પાણી મળશે. આ ઉપરાંત રૂ.૧૮૪.૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નર્મદા કેનાલ આધારિત વડોદરા બલ્ક પાઈપલાઈન (પેકેજ-૧ અને પેકેજ-૨) યોજનાનું ખાતમુહૂર્ત તેમણે કર્યુ હતું. વડોદરા તાલુકાના (દક્ષિણ) ૪૯ અને કરજણ શહેર સહિત તાલુકાના ૯૩ અને શિનોર તાલુકાના ૪૧ સહિત ૧૮૩ ગામોને આ યોજનાથી પીવાનું શુદ્ધ પાણી મળશે.મહી નદી આધારિત પાદરા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત અંદાજે રૂ.૧૬૧.૦૩ કરોડના ખર્ચે નિર્માણ થનાર યોજનાનું મુખ્યમંત્રીશ્રીએ ખાતમુહૂર્ત કર્યુ હતું. આ યોજનાથી પાદરા શહેર સહિત તાલુકાના ૮૦ અને વડોદરા તાલુકાના ૮ સહિત ૮૮ ગામો અને ૩૪ પરાઓને પીવાનું શુદ્ધ પાણી મળશે. સાથે, મુખ્યમંત્રીશ્રીએ વડોદરા જિલ્લા પ્રશાસન દ્વારા પ્રકાશિત પંચ જળ સેતુ પુસ્તકનું વિમોચન પણ કર્યુ હતું.





શ્રી રૂપાણીએ ગુજરાતના ભૂતકાળને યાદ કરાવતા કહ્યું કે, વર્ષ ૧૯૮૦થી ૧૯૯૦ના દાયકામાં પીવાના પાણીની સ્થિતિ એવી હતી કે, રાજકોટ જેવા મહાનગરોમાં તો ટ્રેઈન મારફતે પાણી આપવું પડતું હતું. આટલું જ નહીં, ગુજરાતના ગામડાઓમાં ટેક્કરરાજ ચાલતું હતું. તેમાં બળિયા હોય તેને પાણી મળે અને નિર્બળ લોકો પાણી વિનાના રહી જતાં હતા. વળી, આ ટેક્કરરાજમાં ભ્રષ્ટાચાર પણ ફૂલ્યો ફાલ્યો હતો.વર્ષ ૨૦૦૦ પહેલા ગુજરાતમાં બલ્ક પાઈપ લાઈનનું વિતરણ નેટવર્ક નજીવું હતું. પાણીની સમસ્યાને તે વખતે જોઈએ એટલી ગંભીરતાથી લેવામાં આવતી નહોતી. તેના કારણે માત્ર બે બેડાં પાણી માટે મહિલાઓને દરદર ભટકવું પડતું હતું. પણ, ભાજપની સરકાર આવ્યા બાદ પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે વિસ્તૃત અને દ્રષ્ટિવંત આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બલ્ક પાઈપ લાઈનનું વિસ્તૃતિકરણ કરવાનું આયોજન હાથ ધર્યું ત્યારે વિરોધીઓ એવું કહેતા હતા કે આવડી મોટી પાઈપ લાઈનમાંથી માત્ર હવા જ નીકળશે, તે વિરોધીઓની આજે પાણી જોઈને હવા નીકળી ગઈ છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રાજયમાં ૨,૬૧૦ કિલોમિટર લાંબી બલ્ક પાઈપ લાઈન દ્વારા ૮,૬૮૯ ગામોમાં પાણી પુરવઠાની જૂથ યોજનાઓ થકી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જેની પાછળ રૂ. ૩૭,૫૬૪ કરોડનો માતબર ખર્ચ કરવામાં આવ્યો છે. રાજયના ગાંધીનગર, પોરબંદર, આણંદ, મહેસાણા અને બોટાદ જિલ્લામાં ૧૦૦ ટકા ઘરોને નળ જોડાણ થકી ઘર આંગણે પાણી આપવામાં આવી રહ્યું છે. જ્યારે, રાજયમાં પ્રતિ માસે એક લાખ ઘરોને નળ કનેકશન આપવામાં આવી રહ્યા છે.તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીની સંકલ્પના મુજબ રાજયની તમામ શાળા અને આંગણવાડીઓને એક સો દિવસમાં નળ જોડાણ આપવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તેનો પ્રારંભ ૨જી ઓક્ટોબરથી કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ જણાવ્યું કે, રાજયમાં પીવાના પાણીના ૮,૫૦૦ કરોડના કામો તથા ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે રૂ.૧૪,૦૦૦ કરોડના કામો ચાલી રહ્યા છે.તેમણે વિરોધીઓને આડેહાથ લેતા કહ્યું કે, ભૂતકાળમાં ભ્રષ્ટાચાર વ્યાપક પ્રમાણમાં હતો. તેના કારણે જનકલ્યાણના કામો થતાં નહોતા. પણ આ સરકારે ઈમાનદારીથી પ્રજા દ્વારા ભરાયેલા કરવેરાના નાણાના એક એક રૂપિયાનો વિકાસ કામો માટે પારદર્શક્તાથી ઉપયોગ કરી સુશાસનની નાગરિકોને અનુભૂતિ કરાવી છે.મધ્ય ગુજરાતના જિલ્લામાં પીવાના પાણી અને સિંચાઈની ચાલી રહેલી યોજનાઓના કામો ઝડપથી પૂર્ણ કરવામાં આવશે, તેમ જણાવતા શ્રી રૂપાણીએ ઉમેર્યું કે, રાજયના દરિયાકાંઠાના વિસ્તારોને શુદ્ધ પાણી મળી રહે તે માટે દરિયાના ખારા પાણીને મીઠા કરવા ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેની પ્રથમ કડીના ભાગ રૂપે વડાપ્રધાનશ્રી આગામી તા.૧૫ના રોજ કચ્છના માંડવી ખાતે આવા પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે.તેમણે કહ્યું કે, ગુજરાતે ગુડ ગવર્નન્સ થકી લોકોની આશા-અપેક્ષા અને આકાંક્ષાઓને સાકાર કરવા સાથે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ઈઝ ઓફ લિવિંગને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યુ છે. લોકોને ઈ-સેવા સેતુ થકી સરકારની વિવિધ સેવાનો લાભ આંગળીના ટેરવે, ઘર આંગણે આપવાના અભિયાનની ભૂમિકા પણ તેમણે આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ કાર્યક્રમના આયોજનમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન્સનું અસરકારક પાલન કરવા બદલ સૌ ઉપસ્થિતોને અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ સમગ્ર વડોદરા જિલ્લા માટે આજનો દિવસ ગૌરવપૂર્ણ હોવાનું જણાવતા કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના સક્ષમ નેતૃત્વમાં ગુજરાતે વૈજ્ઞાનિક અભિગમથી પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ કર્યુ છે. તેમણે સુજલામ સુફલામ જળ અભિયાનની સફળતાની વાત કરી લોકોને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અપીલ કરી હતી. પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પીવાના પાણીના કામો માટે નાણાકીય જોગવાઈ માટે ક્યારેય કચાશ રાખી નથી. રાજય સરકાર દ્વારા રૂ. ૮,૫૦૦ કરોડના પીવાના પાણીના કામોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જે પૈકી રૂ.૪,૫૦૦ કરોડના કામોના વર્ક ઓર્ડર પણ અપાઈ ગયા છે. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નલ સે જલ યોજનાને સાકાર કરવા માટે ગુજરાતે પહેલ કરી છે. રાજયના ૯૧ લાખ ઘરો પૈકી અત્યાર સુધીમાં ૭૩ લાખ ઘરો સુધી નળ મારફત પાણી પહોંચાડવામાં આવ્યું છે. વડોદરા જિલ્લાના સાવલી અને ડેસર તાલુકાના ગામડાઓ માટે પણ પીવાના પાણીનું અસરકારક આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. પ્રારંભમાં પાણી પુરવઠા બોર્ડના સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ સૌને આવકારી યોજનાની રૂપરેખા આપી હતી. અંતે કલેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોર, નર્મદા વિકાસ રાજયમંત્રીશ્રી યોગેશભાઈ પટેલ, સાસંદ સર્વશ્રી રંજનબેન ભટ્ટ, ગીતાબેન રાઠવા, જિલ્લા પંચાયત પ્રમુખ ઈલાબેન ચૌહાણ, ધારાસભ્ય સર્વશ્રી શૈલેષભાઈ મહેતા, કેતનભાઈ ઈનામદાર, અક્ષયભાઈ પટેલ, જીતેન્દ્રભાઈ સુખડીયા, મધુભાઈ શ્રીવાસ્તવ, શ્રીમતી મનિષાબેન વકીલ, શ્રીમતી સીમાબેન મોહિલે, પાણી પુરવઠા અને યાત્રા ધામ વિકાસ બોર્ડના અધિકારીઓ, બજાર સમિતિના હોદ્દેદારો, પદાધિકારીશ્રીઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાતમાં એક સમયે કૂલ બજેટનું કદ માત્ર આઠ હજાર કરોડનું હતું, તેની સામે હાલ માત્ર પીવાના પાણીના આયોજન માટે રૂ. ૧૪ હજાર કરોડનું બજેટ







### રાજ્યમાં પીવાના પાણીના રૂ.૮,૫૦૦ કરોડના કામો તથા ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે રૂ.૧૪,૦૦૦ કરોડના કામો ચાલી રહ્યા છે





# સરકારે ખાનગી ટેલિવિઝન ચેનલોને ઓનલાઇન ગેમિંગ અને ફેન્ટસી સ્પોર્ટ્સ સાથે સંબંધિત જાહેરાતોમાં એએસસીઆઈની માર્ગદર્શિકાનું પાલન કરવા જણાવ્યું

## આ પ્રકારની તમામ જાહેરાતોમાં ચેતવણીનો સંદેશ હોવો જોઈએ



કમલમ દૈનિક,

માહિતી અને પ્રસારણ મંત્રાલયે ઓનલાઈન ગેમિંગ, ફેન્ટસી સ્પોર્ટ્સ વગેરે સાથે સંબંધિત જાહેરાતો માટે એડવર્ટાઈઝિંગ સ્ટાન્ડર્ડ્ઝ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એએસસીઆઈ)એ માર્ગદર્શિકા જાહેર કર્યા પછી તમામ ખાનગી ટેલિવિઝન પ્રસારકોને એનું પાલન કરવા સૂચનો જાહેર કર્યા છે. મંત્રાલયે એમાં સલાહ આપી છે કે, જાહેરાતો કાયદા કે ધારાથી પ્રતિબંધિત કોઈ પણ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું ન જોઈએ. આ સૂચનોમાં જણાવવામાં આવ્યું હતું કે "માહિતી અને પ્રસારણ મંત્રાલયના ધ્યાનમાં આ વાત આવી છે કે, ઓનલાઈન ગેમિંગ, ફેન્ટસી સ્પોર્ટ્સ વગેરે પર મોટી સંખ્યામાં જાહેરાતો ટેલિવિઝન પર પ્રસારિત થાય છે. આ પ્રકારની જાહેરાતો ગેરમાર્ગે દોરતી હોય એવું જણાય છે, ગ્રાહકોને એની સાથે સંકળાયેલા નાણાકીય અને અન્ય જોખમો ઉચિત રીતે જણાવતા નથી. આ જાહેરાતોમાં કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ (નિયમન) ધારા, ૧૯૯૫ અને ગ્રાહક સુરક્ષા ધારા, ૨૦૧૯ની એડવર્ટાઈઝિંગ આચારસંહિતાનું કડકપણે પાલન થતું નથી.''આ એડવાઈઝરી ઉપભોક્તા મંત્રાલય, એએસસીઆઈ, ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશન, ઈન્ડિયન બ્રોડકાસ્ટિંગ ફાઉન્ડેશન, ઓલ ઈન્ડિયા ગેમિંગ ફેડરેશન, ફેડરેશન ઓફ ઈન્ડિયન ફેન્ટસી સ્પોર્ટ્સ તથા ઓનલાઈન રમી ફેડરેશનના પ્રતિનિધિઓ તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારો વચ્ચે ચર્ચાવિચારણા પછી બહાર પાડવામાં આવી છે. એએસસીઆઈની આચારસંહિતાનું પાલન કરવા એ જરૂરી છે કે, આ પ્રકારની દરેક ગેમિંગ જાહેરાતમાં નીચેના અસ્વીકરણ હોવા જોઈએ: 'આ ગેમમાં નાણાકીય જોખમ સંકળાયેલું છે અને એની લત પડી શકે છે. કૃપા કરીને જવાબદારી સાથે અને તમારા પોતાના જોખમે રમો.હ્ર આ પ્રકારનું અસ્વીકરણ જાહેરાતની ઓછામાં ઓછા ૨૦ ટકા જગ્યા રોકવું જોઈએ. માર્ગદર્શિકામાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે, ગેમિંગ જાહેરાતોમાં ૧૮ વર્ષથી ઓછી વય ધરાવતી વ્યક્તિને વાસ્તવિક નાણાં જીતવા માટે ઓનલાઈન ગેમિંગની ગેમ રમવામાં સંકળાયેલી વ્યક્તિ તરીકે નહીં દર્શાવી નહીં શકાય અથવા આ જાહેરાતો એવું સૂચન નહીં શકે કે, આ પ્રકારનાં એટલે ૧૮ વર્ષથી ઓછી વય ધરાવતા યુઝર આ ગેમ્સ રમી શકે છે. જાહેરાતોમાં એવું પણ સૂચવી નહીં શકાય કે, ઓનલાઈન ગેમિંગ આવક ઊભી કરવાનો વૈકલ્પિક સ્ત્રોત છે. વળી એમાં આ પ્રકારની ગેમ્સ રમતી કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિઓથી વધારે સફળ છે એવું પણ દર્શાવી નહીં શકાય. એડવર્ટાઈઝિંગ સ્ટાન્ડર્ડ્ઝ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના વર્ષ ૧૯૮૫માં મુંબઈમાં ભારતમાં જાહેરાત ઉદ્યોગના સ્વનિયમનકારક સ્વૈચ્છિક સંસ્થા તરીકે થઈ છે. સંસ્થા એ સુનિશ્ચિત કરવા ઈચ્છે છે કે, જાહેરાતોમાં સ્વનિયમન માટે એની આચારસંહિતાનું પાલન થાય. કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ (નિયમન) ધારા, ૧૯૯૫ અંતર્ગત ટેલિવિઝન નેટવર્કો માટે એએસસીઆઈએ બનાવેલી જાહેરાતની આચારસંહિતાનું પાલન કરવું ફરજિયાત છે.

# ડાંગ જિલ્લા ખાતે સી.આર.પાટીલ દ્વારા વિવિધ હોદ્દેદાર ની નિયુક્ત કરવામા આવી











કમલમ દૈનિક, ડાંગ, રિપોર્ટ:-અમરનાથ જગતાપ

ભારતીય જનતા પાર્ટી ડાંગ જિલ્લા ઉપ પ્રમુખ તરીકે ગીરીશ મોદી અને ડાંગ જિલ્લાના મહામંત્રી તરીકેની હરિરામ સાવંત, રાજેશ ગામીત, કિશોરભાઈ ગાવિત ને ખુબજ મહત્વની જવાબદારી સોપવા આવેલ છે તે બદલ એમને સી.આર. પાટીલ, ભીખુભાઈ દલસાનીયા,ભરતસિંહ પરમાર, ગણપત વસાવા રમણ પાટકર,પુર્ણેશ મોદી, કરશન પટેલ અશોક ધોરાજીયા દશરથ પવાર, વિજય પટેલ,બાબુરાવ ચૌર્યા, રમેશ ડોન, દિલિપ ચૌધરી,ઘનશ્યામ પટેલ તેમજ પાર્ટીના સર્વે હોદ્દેદારઓનો અંતઃ પુર્વક આભાર માનવામાં આવ્યો હતો. તે ઓ દ્વારા ખાતરી આપવામાં આવેલ કે લોકોના સર્વાંગી વિકાસ થાય એવા પ્રયાસો કરવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી......

કોરોના મહામારીના પ્રકોપ વચ્ચે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના આ સમાચાર તમને રાહત આપી શકે છે. ડબલ્યુએચઓએ આશા વ્યક્ત કરી છે કે ૨૦૨૧ના પ્રથમ ક્વાર્ટર સુધી ૫૦ કરોડ લોકોને વેક્સિનના ડોઝ આપવામાં આવશે. સંગઠને શુક્રવારે વેક્સિન વિતરણના રોડમેપ જારી કરતા કહ્યુ કે, કોવેક્સ કાર્યક્રમમાં સામેલ ૧૮૯ દેશોમાં રસીના સમાન વિતરણને નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવશે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કહ્યુ કે, વેક્સિન વિતરણના પ્રારંભિક તબક્કામાં વધુ જોખમ વાળા ક્ષેત્રને પ્રાથમિકતા આપવામાં આવી છે. પ્રથમ તબક્કામાં હેલ્થવર્કર્સ બાદ ફ્રંટ લાઈન પર કામ કરનાર લોકોને આ વેક્સિન ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ બંન્ને ગ્રુપને વેક્સિન આપ્યા બાદ સીનિયર સીટિઝનને નક્કી કરવામાં આવશે. ડબલ્યૂએચઓનું કહેવું છે કે પ્રથમ તબક્કામાં વિશ્વના આશરે ૨૦ ટકા લોકોને વેક્સિનના ડોઝ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય છે. ડબલ્યુએચઓના મુખ્ય વૈજ્ઞાનિક ડો. સૌમ્યા સ્વામીનાથનનું કહેવું છે કે કોરોના વાયરસના હાઈ ઝોનમાં રહેતા ૨૦ ટકા લોકો પર તેમની પ્રથમ નજર છે. તેમાં સ્વાસ્થ્ય કર્મી અને ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકો સામેલ છે. મહત્વનું છે કે દુનિયામાં કોરોના મહામારીના ઉપચારમાં લાગેલા લાખો કર્મચારી પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે. બીજુ કોરોના વાયરસથી વધુ મૃત્યુ વૃદ્ધ લોકોના થઈ રહ્યાં છે. ખાસ કરીને ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકો પર કોરોના વાયરસનો વધુ પ્રકોપ રહ્યો છે. તેનું મોટું કારણ તેની નબળી ઈમ્યુન સિસ્ટમ છે. વૈજ્ઞાનિકે કહ્યું કે, ૨૦૨૧ના અંત સુધી આશરે બે અબજ લોકોને કોરોના વેક્સિનના ડોઝ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય રાખ્યું છે. તેમણે કહ્યું કે, આ ડોઝ કોરોના મહામારીના પ્રસારને રોકવામાં પર્યાપ્ત હશે. તેમણે કહ્યું કે, ૨૦૨૧ના અંત સુધીમાં મહામારી પર કાબુ મેળવી લેવાશે. તેનાથી મોતના આંકડામાં પણ ઘટાડો થશે.




# ૭ ડિસેમ્બર – સશસ્ત્ર સેના ધ્વજ દિવસ

## રાષ્ટ્રની સેવામાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરનાર જાંબાઝ પ્રહરીઓ પ્રત્યે નાગરિક કર્તવ્ય ભાવ દાખવી ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરતા રાષ્ટ્રપતિશ્રી, રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી અને ગૃહરાજ્યમંત્રીશ્રી

કમલમ દૈનિક,

સેનાના જવાનોના સાહસ, શૌર્ય અને અનન્ય બલિદાનનું સ્મરણ કરવા અને તેમનું સન્માન કરવા સમગ્ર રાષ્ટ્ર ડિસેમ્બરના દિવસને દર વર્ષે 'સશસ્ત્ર સેના ધ્વજ દિવસ' તરીકે ઉજવે છે. રાષ્ટ્રપતિશ્રી, રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી અને ગૃહરાજ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રની સેવામાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરનાર જાંબાઝ પ્રહરીઓ પ્રત્યે નાગરિક કર્તવ્ય ભાવ દાખવી ઉદાર હાથે ફાળો આપવા પ્રજાજનોને અપીલ કરી છે.

રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે પ્રજાજનોને અપીલ કરતા જણાવ્યું છે કે, આ દિવસ રાષ્ટ્રની સેવામાં સમર્પિત સશસ્ત્ર દળો અને પૂર્વ સૈનિકો પ્રત્યે ઋણ ચૂકવવાનો છે. આપણે સૌએ ઉદાર હાથે ફાળો આપી રાષ્ટ્રના વીર શહીદોના આશ્રિતો અને દિવ્યાંગ સુરક્ષાકર્મીઓના પુનર્વસવાટની જવાબદારી નિભાવવી જોઈએ. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજ્યના તમામ નાગરિકોને સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં ફાળો આપવા અપીલ કરતાં જણાવ્યું છે કે, યુદ્ધ અને શાંતિના સમયમાં સશસ્ત્ર સેનાઓ રાષ્ટ્રની સેવામાં પોતાનું અમુલ્ય યોગદાન આપી રહી છે. દેશની વિશાળ સીમાઓના રક્ષણ માટે સશસ્ત્ર સેનાઓએ બેજોડ સાહસ, શૌર્ય અને કર્તવ્ય નિષ્ઠતાના દર્શન કરાવ્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના તમામ નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું છે કે, દેશ પર આવેલી કુદરતી કે કૃત્રિમ આપત્તિના સમયે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના અસરગ્રસ્તોની સહાય માટે ખડે પગે રહેતા આપણા વીર જવાનો સમગ્ર દેશનું માન અને ગૌરવ છે. આ સશસ્ત્ર સેના દિને આપણે સૌ ઉદાર હાથે ફાળો આપી સહહ્રદયતા સાથે શૂરવીર સૈનિકો અને તેમના પરિવાર પ્રત્યે આત્મીયતા અને સન્માનની લાગણીવ્યક્તકરીએ.ગૃહરાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, આ 'સશસ્ત્ર સેના દિન' રાષ્ટ્રના સેનાનીઓ પ્રત્યે આપણા આદર, સન્માન અને ગૌરવની લાગણી પ્રગટ કરવાનો અનેરો અવસર છે ત્યારે સશસ્ત્ર સેનાનીઓ તથા તેમના પરિવારજનોના કલ્યાણ માટે આપણે સૌ ઉદાર હાથે ફાળો આપી સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી કરીએ.




# ડાંગ જિલ્લા આરોગ્ય વિભાગ માર્ગદર્શન હેઠળ આશાબહેનો ની તાલીમ નુ આયોજન





કમલમ દૈનિક, ડાંગ, રિપોર્ટ -અમરનાથ જગતાપ

ડાંગ જિલ્લાઆરોગ્ય અધિકારી ના માર્ગદર્શન હેઠળ તથા તાલુકા આરોગ્ય કચેરી ના સહયોગ થી ડાંગ જિલ્લાના આહવા તાલુકાના સિનિયર મેડિકલ ઓફિસ (DTO) ડો, પાઉલ વસાવા સાહેબ શ્રી, તાલુકા હેલ્થ ઓફિસર ડો, દિલીપ શર્મા સાહેબ શ્રી તેમજ સાપુતારા પી એચ સી ના મેડિકલ ઓફિસર શ્રી ડો નિર્મલ પટેલ ના માર્ગદર્શન હેઠળ તાલુકા કક્ષા ની રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સાપુતારા પી,એચ,સી મા કોવિડ-૯ ને ધ્યાન માં લઈ ને સામાજિક અંતર રાખીને પિયર એજયુકેટર તથા આશાબેનો ની તાલીમનુ આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં નીચે મુજબ ના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો -।જેમાં પિયર એજયુકેટર અને આશા બેનો ને એડોલેશન હેલ્થ કાઉન્સેલર તથા આયુષ મેડીકલ ઓફિસર દ્વારા RKSK કાર્યક્રમ વિશે સમજુતી પુરી પાડી અને પિયર એજયુકેટર ની ભુમિકા અંગે વિગતવાર માહિતી આપવામા આવી સબંધિત વિવિધ વિષયો ઉપર ચાર્ટ પેપર પર લેખન કરી, એ વિષયો પર એક પછી એક વિગતવાર ચર્ચા રજૂઆત કરવામાં આવી

-।તેમને રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ ની આઈ ઈ સી નુ વિતરણ કરવામાં આવ્યું

-।આરોગ્ય સંબંધિત રમત રમાડી

-।પ્રોત્સાહન ના ભાગ રૂપે પિયર એજયુકેટર ને RKSK ના લોગો વાળા ટી શર્ટ , પેન્ટ ટોપી, માસ્ક અને ડાયરી આપવામા આવી અને તેમને પ્રોત્સાહિત કરવામા આવ્યા અને તેમને જે આજ રોજ કિશોર કિશોરી ના આરોગ્ય વિષય પર તાલીમ આપવામાં આવી હતી

તે સંબંધિત માર્ગદર્શન તેમના ગામમા રહેતા,કિશોર કિશોરીસુધી પહોંચાવે તેવી સમજુતી આપવામા આવી, અને વધુ માં હાલહતી કિશોરીઓને જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી આમ મેડિકલ ઓફિસર ડો.નિર્મલ પટેલ તથા આયુષ મેડિકલ ઓફિસર ડો પ્રાચી ભોયા દ્વારા પિયર એજયુકેટર ની આરોગ્ય ની તપાસ કરવામાં આવી આમ પી એચ સી ના મેડિકલ ઓફિસર શ્રી, ડો.નિર્મલ પટેલ આયુષ મેડિકલ ઓફિસર ડો પ્રાચી ભોયા એડોલેશન હેલ્થ કાઉન્સેલર, મનીષા ચૌહાણ, આશાબેનો પી એચ સી ના કર્મચારી આમ બધા મળીને કાર્યક્રમને સફળ બનાવ્યો

# ૧૦૮ ખિલખિલાટમાં દર્દીઓને હમદર્દી સાથે મળે છે વિશ્વાસયુક્ત વાતાવરણ


## દક્ષાબેન રાઠોડના રૂ. ૬૦ હજારની કિંમતના સોનાના દાગીના કર્યા પરત





કમલમ દૈનિક, રાજકોટ

હલ્લો કાનજીભાઈ, તમારા પરિવારજન દક્ષાબેનની બે સોનાની બુટ્ટી ખીલખીલાટ વેન માંથી મળી છે તો આપ અમારી પાસેથી મેળવી લેશો. આ શબ્દો છે ૧૦૮ ખીલખીલાટ વેનના કેપ્ટન અને પ્રમાણિકતાના પ્રહરી એવા હર્ષદભાઈ સિંધવના. વાત એમ છે કે માવડી વિસ્તારમાં રહેતા દક્ષાબેન દિવ્યેશભાઈ રાઠોડને પદ્મકુંવરબા હોસ્પિટલ ખાતે ડીલેવરી અર્થે લાવવામાં આવ્યા હતાં. તેમની પ્રસુતિ બાદ ખીલખીલાટ વેનમાં ઘરે પરત મૂકી જવામાં આવ્યા હતાં કોઈ કારણોસર તેઓ તેમના સોનાના દાગીના વેનમાં જ ભૂલી ગયા હતાં. ત્યારબાદ વેનના કેપ્ટનના ધ્યાને આ દાગીના આવતા તેમના પરિવારજનને ફોન કરી દાગીના પરત લઈ જવા જાણ કરી હતી. દક્ષાબેનના સસરા કાનજીભાઈ કાળાભાઈ રાઠોડે ફોન ઉપાડતા તેઓ તુર્તજ દાગીના પરત મેળવવા હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યા. આ સમયમાં પણ લોકો પ્રામાણિક હોઈ છે તે જાણી તેઓ ભાવવિભોર બની ગયા હતાં. કાળુભાઈએ ટીમનો આભાર માની જણાવ્યું હતું કે,અમેને લોકોને સોનાની બુટ્ટી ખોવાય તેના વિષે જાણ જ નોહતી, જયારે ખિલખિલાટના કેપટન તરફથી તેનમો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે જાણ થઈ. ખૂબ જ ધન્યવાદ ખિલખિલાટના કેપ્ટનનો. આ ઉત્તમ કામ કરવા બદલ ભગવાન તેમનું ખૂબ જ સારું કરશે. રાજકોટ ખાતે ૧૦૮ ના ઈમરજન્સી મેનેજમેન્ટ એકઝીકયુટીવશ્રી વિરલભાઈ ભટ્ટે આ તકે ખીલખીલાટની ટીમને તેમની પ્રામાણિક સુંદર કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતાં. રાજ્ય સરકાર દ્વારા સગર્ભા મહિલાઓ માટે ૧૦૮ ની જેમ સેવા આપતી ખીલખીલાટ સેવા માત્ર દર્દીઓ જ નહિ પરંતુ તેમનો વિશ્વાસ પણ વહન કરે છે.



કમલમ દૈનિક,

ભારતીય જનતા પાર્ટી કચ્છના મહામંત્રી તરીકે સતત બીજી વાર પીઢ આગેવાન તથા અમુલ ડેરીના વાઈસ ચેરમેન શ્રી વલ્લમજીભાઈ હુંબલ તથા માંડવીના પુર્વ નગરપતી તથા પ્રતિભાશાળી નેતા શ્રી અનિરૂધ્ધભાઈ દવે તથા કચ્છ યુવા ભાજપાના પુર્વ અધ્યક્ષ અને સક્રિય યુવા નેતા શ્રી શૈલેન્દ્રસિંહ જાડેજાની નિયુક્તિ થવા બદલ ખુબ ખુબ શુભેચ્છાઓ આપના કાર્યશૈલી અને સહયોગથી કચ્છ ભાજપા સફળતાના શિખરો સર કરે તેવી કમલમ દૈનિક પરિવાર વતી શુભકામનાઓ.

# ખેડા જિલ્લા નડિયાદ શહેરમાં કોરોના સામે રક્ષણની જાગૃત્તિ અંગે જનજાગૃત્તિ રેલી યોજાઇ



કમલમ દૈનિક, નડિયાદ

કોરોનાથી બચવા સાવચેતીના પગલાં લેવાના ભાગરૂપે આજે ખેડા જિલ્લાઅિને નડીઆદ શહેરના વહીવટીતંત્ર – નગરપાલિકા – જિલ્લાજ પંચાયતના સંયુક્ત ઉપક્રમે એક જનજાગૃત્તિ રેલી (માર્ચ પાસ્ટી) કાર્યક્રમ નડિયાદ ખાતે યોજાયો હતો.ફરજિયાન માસ્કજ પહેરવું એ કોરોનાને મ્હા્ત આપવાનું પહેલું પગથિયું છે. માસ્કંને આપણે સતત પહેરી રાખીશું તો કોરોના સંક્રમણ થતો અટકાવી શકીશું તેમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગઢવી તથા અધિક કલેકટરશ્રી મેરજાએ જણાવ્યું હતું. જિલ્લી વહીવટીતંત્ર – પોલીસતંત્ર – નગરપાલિકામાં કર્મયોગીઓ દ્વારા યોજાયેલી આ રેલી નડિયાદ નગરપાલિકાથી પ્રારંભાયેલી ત્યાં થી નીકળી સરદાર પ્રતિમા થઈને સંતરામ ટાવર સુધી પહોંચી હતી. કોરોના સામે રક્ષણ માટે માસ્કા એ પ્રાથમિક સુરક્ષા કવચ છે. જેથી જિલ્લાસ વહીવટીતંત્ર દ્વારા જાહેર જનતાને માસ્ક પહેરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કચ્છ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરાઇ











કમલમ દૈનિક, ભુજ,

કચ્છ જિલ્લામાં ત્રીજી ડીસેમ્બર–૨૦૨૦ના જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા જિલ્લા વહીવટી તંત્ર, બિન સરકારી સંસ્થાઓ તેમજ એસ્ટ્રલ ફાઉન્ડેશન અને અદાણી ફાઉન્ડેશનના સહયોગથી આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દિવ્યાંગોને આર્થિક રીતે પગભર કરવા સાધન સહાય વિતરણ અને સરકારશ્રીની વિવિધ યોજનાઓનોથી માહિતગાર થાય તે પ્રકારના આયોજન કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા તિજોરી કચેરી અને પેટા તિજોરી કચેરીઓમાં દિવ્યાંગ પેન્શનરો અને વયોવૃદ્ધ પેન્શનરો હયાતીની ખરાઈ કે અન્ય કામે કચેરીમાં આવવાનું થાય ત્યારે મુશ્કેલીઓ અનુભવતા હોય છે. જેથી અદાણી ફાઉન્ડેશન દ્વારા તિજોરી કચેરી અને પેટા તિજોરી કચેરીઓને ૧૦ વ્હીલચેર કલેકટરશ્રી દ્વારા અર્પણ કરવામાં આવેલ હતી. આ ઉપરાંત અદાણી ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગજનોને સંગીત સાધનોનું પણ વિતરણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી ડી. કે. પ્રવિણા, અધિક જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અદાણી ફાઉન્ડેશનના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રીમતી પંક્તિબેન શાહ, અદાણી ફાઉન્ડેશનના શ્રી બારૈયા, શ્રી કરશનભાઈ ગઢવી તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એ.પી.રોહડિયા ઉપસ્થિત રહયા હતા. અન્ય એક કાર્યક્રમ સરકારી અંધશાળા ખાતે યોજવામાં આવેલ હતો. જેમાં એસ્ટ્રેલ ફાઉન્ડેશન,અમદાવાદ દ્વારા સિલાઈ કામ કરી રોજગારી પ્રાપ્ત કરી શકે તે માટે ૨૦ જેટલા દિવ્યાંગોને સિલાઈ મશીન તેમજ ૩ દિવ્યાંગને હાર્મોનિયમ આપવામાં આવેલ હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે જિલ્લા કાનૂની સેવા મંડળના સચિવશ્રી અને સીનિયર સીવીલ જજશ્રી બી.એન.પટેલ ઉપસ્થિત રહી દિવ્યાંગોને સિલાઈ મશીન અર્પણ કરેલ હતા. એસ્ટ્રેલ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા ભુજ ખાતે આવેલ સરકારી અંધશાળાને પણ અધ્યતન અને નવી ટેકનોલોજી સાથેના સંગીત સાધનો આપવામાં આવેલ હતા. આજ કાર્યક્રમમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગજનોને ટ્રાયસીકલ, સિલાઈ મશીલ તથા કાંખઘોડી વગેરે સાધનોનું વિતરણ કરવામાં આવેલ હતું. અને વિશેષ મુંદ્રા તાલુકાના દિવ્યાંગજનો માટે ઈ સમાજ કલ્યાણ પોર્ટલ પર યોજનાકીય લાભ સારું કરવાની થતી ઓનલાઈન એપ્લિકેશન માટે પણ અદાણી ફાઉન્ડેશન દ્વારા મદદરૂપ થશે તેવી જાહેરાત આ પ્રસંગે કરેલ હતી. કાર્યક્રમમાં અન્ય મહેમાનોમાં અદાણી ફાઉન્ડેશનના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રીમતી પંક્તિબેન શાહ, અદાણી ફાઉન્ડેશનના શ્રી બારૈયા, શ્રી કરશનભાઈ ગઢવી તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એ. પી. રોહડિયા, સરકારી અંધશાળાના હેડ માસ્તર શ્રી જે. આર. પટેલ, ચીફ ઓફીસર શ્રી એન. એસ. ચૌહાણ તથા માનસિક આરોગ્ય ગૃહના અધિક્ષક શ્રી એમ. એ. કાપડીયા ઉપસ્થિત રહી દિવ્યાંગોને પ્રોત્સાહન પૂરૂં પાડેલ હતું. જિલ્લાના દિવ્યાંગોમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓનો પૂરતો પ્રચાર-પ્રસાર થાય, વધુમાં વધુ દિવ્યાંગો આ યોજનાનો લાભ મેળવે અને તેઓને કોઈ મુશ્કેલીઓ હોય તો તેનું યોગ્ય નિરાકરણ કરી શકાય તે માટે કચ્છ જિલ્લાની બિન સરકારી ગ્રાન્ડેટ સંસ્થાઓનો વેબિનાર રાખવામાં આવેલ હતો. આ વેબિનારમાં નવચેતન અંધજન મંડળના મહામંત્રીશ્રી લાલજીભાઈ પ્રજાપતિ દ્વારા સ્વાગત પ્રવચનમાં દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે થઈ રહેલ વિવિધ કામગીરીનો પરીચય આપેલ હતો. સિવિલ સર્જન શ્રી કશ્યપ બૂચના પ્રતિનિધિ અને યુડીઆઈડીની કામગીરી સંભાળતા શ્રી રીતેશ મોઘા દ્વારા યુડીઆઈડી કાર્ડ મેળવવા માટે કરવી થતી કામગીરી વિશે સમજ આપેલ હતા. નવચેતન અંધજન મંડળના મંત્રીશ્રી હિમાંશુભાઈ સોમપુરા દ્વારા દિવ્યાંગોને વિવિધ લાભો પહોંચાડવા ખાસ શિક્ષકોને અનુરોધ કરેલ હતો. નવચેતન અંધજન મંડળના ચીફ કો-ઓર્ડીનેટર શ્રી દિપક પ્રસાદ દ્વારા નેશનલ ટ્રસ્ટ એક્ટ -૧૯૯૯ અંતર્ગત નિરામયા હેલ્થ ઈન્શુરન્સ યોજનાની વિસ્તૃત સમજ આપી વધુમાં વધુ દિવ્યાંગો આ યોજનાનો લાભ મેળવે તેના ઉપર ભાર મૂક્યો હતો. જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના ચીફ ઓફીસર શ્રી ન. શાં. ચૌહાણ દ્વારા દિવ્યાંગ કલ્યાણની યોજનાઓની અરજીઓ ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ મારફતે મળે તેના પર ભાર મૂકી ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ ઉપર કેવી રીતે અરજી કરી શકાય તથા અરજી સાથે જે દસ્તાવેજો અપલોડ કરવાના હોય તે વિશેની વિગતવાર માહિતી આપેલ હતી. કચ્છ જિલ્લાના છેવાડાનો તાલુકો લખપત તાલુકાના દિવ્યાંગોને પણ વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણીમાં સહભાગી બનાવવા માટે દયાપર ખાતે પણ આં.રા.દિવ્યાગ દિનની ઉજવણી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં લખપત તાલુકા સંગઠન અને સેતુ અભિયાનના ગોપાલભાઈ સાટીયા દ્વારા ૧૦ જેટલા દિવ્યાંગોને યુડીઆઈડી કાર્ડનું વિતરણ કરવામાં આવેલ હતું અને સમાજ સુરક્ષા ખાતાની સરકારી સંસ્થાઓના કર્મચારીઓના આરોગ્યની ચિંતા પણ કરવામાં આવી હતી જેના ભાગરૂપે ભુજ ખાતે આવેલ કે. સી. આર. સી સંસ્થાના મેનેજરશ્રી અરવિંદસિંહ ગોહિલ દ્વારા સંસ્થા ખાતે સમાજ સુરક્ષા, ભુજ-કચ્છના તમામ સ્ટાફ માટે આઈ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણીને સફળ બનાવવા માટે સમાજ સુરક્ષા કચેરીના સીનીયર કલાર્ક શ્રી પ્રહલાદભાઈ પ્રજાપતિ અને જીલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી વિપુલ ડોરીયા દ્વારા ખાસ જહેમત ઉઠાવી હતી.











# જામનગર શહેરમાં વિવિધ વિકાસ કાર્યોનો શુભારંભ કરાવતા રાજયમંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા

## જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૫, ૬ અને ૯માં અંદાજીત રૂ.૮૪.૪૨ લાખનાં ખર્ચે બનનારા રસ્તાના કામોનું ખાતમુહર્ત કરી લોકોની સુખાકારીમાં વધારો કરતાં રાજયમંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા

કમલમ દૈનિક, જામનગર

અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ શહેરના મહાનગરપાલિકાના વોર્ડ નં.૫માં કોળીનો દંગો, વેલનાથનગર-૧ વિસ્તારની આંતરિક શેરીમાં સી.સી.બ્લોકનું કામ અંદાજીત ખર્ચ રૂ. ૧૪.૨૫ લાખ, જાગૃતિનગર વિસ્તારમાં આંતરિક શેરીઓમાં સી.સી.બ્લોકનું કામ પાર્ટ-૧ માં અંદાજીત ૧૦ લાખ અને પાર્ટ-૨માં ૧૦ લાખ એમ જાગૃતિનગરમાં કુલ અંદાજીત ખર્ચ રૂ. ૨૦ લાખ, વોર્ડ નં.૬ માં હીરાપાર્ક સોસાયટી મેઈન રોડ તથા આંતરિક શેરીઓમાં સી.સી. રોડનું કામ અંદાજીત ખર્ચ રૂ. ૧૯.૯૨ લાખ, હનુમાન ટેકરી, રવિભાઇના ઘર પાસે તથા આંતરિક શેરીઓમાં સી.સી.બ્લોકનું કામ અંદાજીત ખર્ચ રૂ. ૧૦.૬૮ લાખ, વોર્ડ નં.૯માં લીમડા લાઈન, રજપૂતપરા, શેરી નં.૧, નિલેશભાઈ ચૌહાણના મકાન પાસેની શેરીમાં સી.સી.બ્લોકનું કામ અંદાજીત ખર્ચ રૂ. ૨.૧૫ લાખ, લીમડા લાઈન, રજપૂતપરા, શેરી નં.૩, સૂર્ય મકાનવાળી શેરીમાં સી.સી.બ્લોકનું કામ અંદાજીત ખર્ચ રૂ. ૧.૭૦ લાખ, ગુરુદ્વારા પાસે, હરપાલસિંહના મકાનની બાજુની શેરી નં.૨માં સી.સી.બ્લોકનું કામ અંદાજીત ખર્ચ રૂ. ૪.૪૮ લાખ, ડી.સી.સી. હાઈસ્કુલની પાછળ જલારામનગર શેરી નં.૨ અને શેરી નં.૩માં સી.સી.બ્લોકનું કામ અંદાજીત ખર્ચ રૂ. ૭.૭૦ લાખ, મીગ કોલોની ચેતક ટ્રાવેલ્સની બાજુમાં સી.સી.બ્લોકનું કામ અંદાજીત ખર્ચ રૂ. ૩.૫૪ લાખ મળી કુલ અંદાજીત રૂ. ૮૪.૪૨ લાખના વિવિધ વિકાસ કામોનો શુભારંભ કરાવેલ હતો. આ ઉપરોક્ત કામો વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત ધારાસભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂભા જાડેજાની ૧૦% લોક ભાગીદારી ગ્રાન્ટમાંથી થનાર છે. આ તકે તેમની સાથે મેયરશ્રી હસમુખભાઈ જેઠવા, ડેપ્યુટી મેયર શ્રી કરશનભાઈ કરમુર, જામનગર મહાનગરપાલીકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી સુભાષ જોષી, શહેર ભાજપ મહામંત્રીશ્રી પ્રકાશભાઈ બાંભણીયા, માજી મેયરશ્રી ધર્મેન્દ્રસિંહ ઝાલા, વોર્ડ નં. ૫ના કોર્પોરેટરો-અગ્રણીઓ બીનાબેન કોઠારી, ડિમ્પલબેન રાવલ, કિશોરસિંહ જાડેજા, જયપાલસિંહ ઝાલા, બડુભા જાડેજા, નયનભાઈ વ્યાસ, સંજયભાઈ જૈન, વોર્ડ નં. ૬ના કોર્પોરેટરો-અગ્રણીઓ કમલાસિંહ રાજપૂત, આલાભાઈ ભારાઈ, રમાબેન ચાવડા, બાબુભાઈ ચાવડા, ભાયાભાઈ ડેર,વિપુલભાઈ ધવડ, અનિરુધ્ધસિંહ ઝાલા, રવિરાજસિંહ જેઠવા, વોર્ડ નં. ૯ના કોર્પોરેટરો-અગ્રણીઓ સુનિલભાઈ આશર, રીટાબેન ઝીંઝુવાડીયા, ચીનાભાઈ ચોટાઈ, પ્રવિણભાઈ માડમ,હસમુખભાઈ મકવાણા, જિતેન્દ્ર મકવાણા, કેતનભાઈ તેમજ વિસ્તારના અગ્રણીઓ અને નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને તેમના વિસ્તારમાં થઈ રહેલા વિવિધ વિકાસના કાર્યોને હર્ષભેર વધાવી લઈ અને રાજયમંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાનો આભાર માન્યો હતો.

# વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે સમાજ સુરક્ષા કચેરી દ્વારા ૨૦ બાળકોને એમ.આર. કીટ, વ્હીલચેર અને ટ્રાયસિકલ અપાઈ





## ૨૫ દિવ્યાંગ લાભાર્થીને યુડીઆઈડી કાર્ડ સાથે વિવિધ યોજનાની માહિતી આપવામાં આવી

કમલમ દૈનિક, જૂનાગઢ

૩ ડિસેમ્બર એટલે કે, વિશ્વ વિકલાંગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આ વિશ્વ વિકલાંગ દિવસ નિમિતે જૂનાગઢ સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા ૨૦ જેટલા દિવ્યાંગ બાળકોને એમ.આર. કીટ, વ્હીલચેર અને ટ્રાયસિકલ સહિતના સાધનોની કીટ આપવામાં આવી હતી. વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જૂનાગઢ દ્વારા વિવિધ દિવ્યાંગ સંસ્થાઓમાં દિવ્યાંગ બાળકોને સાધનો વિતરણ કરી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત મંગલમૂર્તિ સંસ્થાના ૧૫ બાળકોને એમ.આર. કીટનું તથા સાંત્વન સંસ્થાના ૫ દિવ્યાંગ બાળાઓને વ્હીલચેર તેમજ ટ્રાયસિકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથો સાથ ૨૫ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને યુડીઆઈડી કાર્ડનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી નયનાબેન પુરોહિત, મંગલમુર્તિ સંસ્થાના વડા ધીરૂભાઈ પટેલ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એઈડ્સ હેલ્થ સેન્ટરોના અભિવાદન કાર્યક્રમ યોજાયો

કમલમ દૈનિક, નવસારી

કોરાના મહામારીની વિકટ પરિસ્થિતિ હોવા છતા એચ.આઈ.વી./એઈડ્સ જીવલેણ રોગના દર્દીઓની માવજત કરનારા નવસારી જિલ્લાના કુલ-૨૧ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરો, રેડક્રોસ નવસારી, સિવિલ હોસ્પિટલ






નવસારીના અભિવાદન માટે ઈ.રે.સો.ગુજરાત રાજય, ગુજરાત એઈડ્સ કંટ્રોલ સોસાયટી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજયના ઉપક્રમે રેડક્રોસ નવસારીના સથવારે કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.દિલિપ ભાવસારે જણાવ્યું હતું કે, કોરોના દિવસોમાં વિશ્વ એઈડ્સ દિવસે આ રોગ સાથેના તબીબી જગતનું સન્માન થાય એ જાગૃતિની નિશાની છે. આ રોગ માટેની દવાઓ-પ્રાપ્ત થવાથી એઈડ્સ નિયંત્રણમાં છે. જિલ્લા ટીબી અને એઈડ્સ રોગ નિયમન અધિકારી ડો. બી.એમ.વણકરે જણાવ્યું હતું કે, આ બંને રોગ નિયંત્રણ હેઠળ છે. સરકારશ્રી તરફથી દર્દીને દવા માટે આર્થિક સહાય પણ સીધી તેના ખાતામાં જમા થાય છે. રેડક્રોસ નવસારીના ચેરમેન ડો.અતુલ દેસાઈએ જણાવ્યું હતું કે, તબીબી સેવાકર્મીઓની પોતાની પણ વધુ કાળજી રાખવી પડશે. ઢીલા માસ્ક ન ચાલે. રેડક્રોસ નવસારી પ્રતિવર્ષ આ દિવસની ઉજવણી જૂનીયર રેડક્રોસના માધ્યમે રેલી, વિવિધ સ્પર્ધા યોજી યુવાવર્ગને જાગૃત કરે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહમંત્રી પ્રા.જશુભાઈ નાયકે કર્યુ હતું. વાઈસ ચેરમેન તૃષાર દેસાઈ, ટ્રેઝરર કે.ડી.દેસાઈએ પણ આ સેવાકર્મીઓનું અભિવાદન કર્યુ હતું. માનદમંત્રી કેરસી દેબૂએ આભારવિધિ કરી હતી.

બ્રહ્મ સમાજ ના ગૌરવ માંડવી નગરસેવા સદન ના પૂર્વ પ્રમુખ સફળ સક્ષમ નેતૃત્વ કરનાર મોટા ભાઈ અનિરુદ્ધ ભાઈ દવે ની કચ્છ જિલ્લા ભાજપ ના મહામંત્રી પદે સતત બીજી વખત નિમણુક બદલ હર્ષ સાથે ગૌરવ અનુભવીએ છીએ આપ શ્રી ને ખૂબ ખૂબ શુભકામનાઓ...

# જિલ્લા કલેક્ટર શ્રીમતિ આર્દ્રા અગ્રવાલના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રીક્ટ ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઈઝેશન કમિટીની બેઠક યોજાઈ



કમલમ દૈનિક, નવસારી

નવસારી જિલ્લા કલેકટર શ્રીમતિ આર્દ્રા અગ્રવાલના અધ્યક્ષ સ્થાને ડી.ટી.એફ ઈમ્યુનાઈઝેશનની બેઠક યોજવામાં આવી હતી. જેમાં કોવિડ-૧૯ વેકસીન બાબતે આરોગ્ય કર્મીઓના ડેટા બેઝની સમીક્ષા અને કોલ્ડ ચેઈન બાબતે સમીક્ષા કરવામાં આવી હતી. આગામી સમયમાં કોવિડ-૧૯ના રસીકરણ માટે સરકાર દ્વારા જે સુચવવામાં આવે તે માર્ગદર્શિકા તેમજ અન્ય માર્ગદર્શિકાના પાલન સાથે નિર્ધારીત વ્યુહરચનાની જરૂરીયાત, તકનીકી સાધનોની ઉપલબ્ધતા, સગવડ સહિતની વિવિધ બાબતો પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત સરકારની માર્ગદર્શિકા મુજબ આરોગ્ય કર્મીઓ ફ્ન્ટ્લાઈન વોરીયર્સ સહિતનો ક્ષતિરહિત ડેટાબેઝ તૈયાર કરવા અંગે ચર્ચાઓ કરાઈ હતી.જિલ્લા કલેકટર શ્રીમતિ આર્દ્રા અગ્રવાલે કોરોના વાયરસ સંક્રમણ અટકાયતી પગલાંના ભાગ રૂપે ટેસ્ટીંગનું પ્રમાણ વધારવા જણાવ્યું હતું.

એન્ટીજન ટેસ્ટ સહિત આર,ટી.પી.સી.આર ટેસ્ટ બાબતે પણ વિવિધ સુચનો કર્યા હતા. બેઠકમાં વિવિધ સુવિધાઓ, અસરકારક કોમ્યુનિકેશન, ડિઝીટલ પ્લેટફોર્મ, મેનપાવર, તાલીમ, નિરીક્ષણ સહિતની વિવિધ બાબતો પર ચર્ચા કરાઈ હતી. જિલ્લામાં આવેલ વિવિધ કોલ્ડચેઈનનું વ્યવસ્થાપન અને તેના તાપમાન સહિતની જાળવણી ઉપરાંત તાલીમબધ્ધ કર્મીઓ દ્વારા સંચાલન સહિતની ચર્ચા કરાઈ હતી. બેઠકમાં ડો. ચિરાગ વાલીયાએ દેશ-વિદેશમાં કોવિડની તૈયાર થઈ રહેલ રસી બાબતો અને તેના પગલાં બાબતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સૌને માહિતગાર કર્યા હતા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી(ઈન્ચાર્જ) પી.કે.હડુલા, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.રાણા, પ્રાંત અધિકારીશ્રીઓ, જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ડી.એચ.ભાવસાર સહિતના આરોગ્યના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# રાજકોટની સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દી તરીકે સેવા ચાકરી બદલ તબીબો અને સ્ટાફને આશીર્વાદ આપતા મંજૂબેન બગથરીયા








રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય કોવિડ હોસ્પિટલમાં દર્દીઓની સેવા સારવાર અને કોમ્યૂનિકેશન માટે એ ટુ ઝેડ વ્યવસ્થા

કમલમ દૈનિક, રાજકોટ

રાજકોટ જિલ્લામાં કોરોનાના સંક્રમણને ખાળવા માટે જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય તંત્ર દ્વારા સઘન કામગીરીની સાથે સાથે કોરોના સંક્રમિત દર્દીઓની વ્યવસ્થિત અને આધુનિક સારવાર થાય તે માટેના સફળ પ્રયાસોથી કોરોનાને મહાત કરનાર દર્દીઓ રાજ્ય સરકાર અને જિલ્લા તંત્રની કામગીરી ને આવકારી સારવાર કરનાર તબીબો અને સ્ટાફને આશીર્વાદ આપી રહ્યા છે. રાજકોટ જિલ્લાના મોટા મયકા ગામ ના સિનિયર સિટીઝન મંજુબેન બાબુભાઈ બગથરીયા એ ભાવુક થઈને જણાવ્યું કે રાજકોટની સરકારી કોવિડ હોસ્પિટલ માં ડોક્ટરો અને સ્ટાફ ખૂબ સેવા કરે છે.

અહીં બધી જ સુવિધા છે. સારામાં સારી સુવિધા સેવા-ચાકરી બદલ મંજુબેને તબીબો અને સ્ટાફને આશીર્વાદ આપી સરકારની કામગીરીને આવકારદાયક ગણાવી હતી. બીજા એક દર્દી નિમિષાબેન ઓઝાને સારું થઈ જતા તેમને રજા આપવામાં આવતા તેઓએ તેમજ તેમના સગા એ દર્દી અને હોસ્પિટલ વચ્ચે કોમ્યુનિકેશન અને વાતચીત કરવા માટે સિવિલમાં જે વ્યવસ્થા છે તેવી વ્યવસ્થા બીજે ક્યાંય જોવા મળતી નથી તેમ જણાવ્યું હતું. પારુલબેન અજીતભાઈ સોલંકી ઉમર વર્ષ ૫૫ તેમજ હિંમતભાઈ (ઉમર વર્ષ ૫૦ )એ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં જમવાની તેમજ ચા-પાણી નાસ્તા ની તેમજ નિયમિત રીતે તપાસ ની અને દર્દી વહેલાસર સાજા થાય તે માટે હિંમત આપવાની સારામાં સારી કામગીરી કરવામાં આવે છે તેવો પ્રતિભાવ આપ્યો હતો. કિશોર ભાઈ બાબુભાઈ એ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે તેઓને છ સાત દિવસથી તકલીફ હતી અને રિપોર્ટ કરાવતા પોઝિટિવ આવતા તેમને દાખલ કરવામાં આવ્યા હતા .અહીં એક પરિવારના સભ્યની જેમ કાળજી રાખવામાં આવે છે તેમ તેઓએ જણાવ્યું હતું. ઈન્દુબા રાણાએ જણાવ્યું હતું કે સારવારની સાથે સાથે દર્દીને એટેન્ડેન્ટ ની સુવિધા આપવામાં આવે છે તે ખૂબ સારી વાત છે ,આમ રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલમાં કોરોના ના દર્દીઓ સાજા થઈને સરકારની કોરોનાની સારવાર ની કામગીરીને આવકારી રહ્યા છે.

